**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૭/૦૯/૨૦૧૭ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૮૦૧/૧૭**

**વસ્ત્રાપુ ર પોલીસ સ્ટેશનઃ**

**મો.સા. ચોરી તથા મો.ફોન ચોરી કરતા આરોપીઓને ઝડપી પાડતી વસ્ત્રાપુર પોલીસ.**

અમદાવાદ શહેરમા બનતા મિલ્કત સબંધી તેમજ અન્ય ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ ગુન્હ શોધી કાઢવા પેટ્રોલીંગ કરવાના મે.પોલીસ કમિ.શ્રી. અમદાવાદ શહેર નાઓના આદેશ અનુસાર મહે, ના.પો.કમિ.શ્રી બિપીન આહીરે સાહેબ ઝોન-૧ તથા ઇન્ચાર્જ મદદનીશ પો.કમિ.શ્રી બી.જે.પંડ્યા સાહેબ "ક" વિભાગ નાઓના માગદર્શન હેઠળ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટરશ્રી એમ.એમ.જાડેજા સાહેબ નાઓની સુચના તથા રાહદારી હેઠળ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પો.સ.ઇ એમ.એ.વાઘેલા તથા સાથેના વ્હીકલ સ્કોડ ના માણસોએ પેટ્રોલીંગ દરમ્યાન ગુરૂકુળ રોડ, સોનલ ચાર રસ્તા ખાતે (૧) નાએ પોતાનુ નામ અર્જુન ધનસિંગ જાતે ખડકા ઉવ ૨૦ રહે રબારીના મકાનમાં, ભમરીયા છાપરા, સોલા, અમદાવાદ શહેર. મુળવતનઃ ગામ-વાશી, પુજા એપાર્ટ., બ્લોક નં. એ/૭, ત્રીજા માલે, દફતા મંદિર પાસે, સેકટર-૩૧, નવી મુંબઇ, મહારાષ્ટ્ર નો હોવાનુ જણાવેલ તેમજ મો.સા. ઉપર પાછળ બેસેલ ઇસમનુ નામ ઠામ પુછતા નં.(૨) પોતાનુ નામ કિશનલાલ કાળુલાલ વૈધ ઉવ ૨૧ રહે મ.નં. ૧૪૨, રબારીના છાપરા, ભમરીયા, સોલા બ્રિજ નીચે, અમદાવાદ. મુળવતનઃ બડગામ, તા-જિ-ઉદયપુર, રાજસ્થાન નાઓને તથા પાછળ થી તપાસ દરમ્યાન આરોપી (૩) નરેશ ગાભાભાઇ રાવળ ઉવ ૧૯ રહે વુંદાવન ઔડા આવાસ, વસ્ત્રાપુર તળાવ પાસે, અમદાવાદ શહેર નાઓને પકડી પાડી બે સ્પેલન્ડર મો.સા. તથા એક પ્લેટીના મો.સા. તથા ૧૯ જુદાજુદા મો.ફોન મળી કુલ્લે કિ.રૂ. ૯૩૩૦૦/- ની મતાનો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે. આગળ ની વધુ તપાસ ચાલુ માં છે.

શોધાયેલ ગુનાઓ

(૧) સોલા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૨૫૯/૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૨) સોલા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૨૬૧/૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબ



## દાણીલીમડા પોલીસ સ્ટેશનઃ

મ.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મ.પો.કમિ શ્રી "કે" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી આર.કે.અમીન નાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ કે.એલ.પટણી તથા સાથેના સ્ટાફના હે.કો. સીરાજમીયા કાલુમીયા તથા પો.કો. નશરુલ્લાખાન હબીબખાન તથા પો.કો રમેશકુમાર માધવલાલ વિ.સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગમાં નીકળેલ દરમ્યાન સાથેના પો.કો. નશરુલ્લાખાન હબીબખાન તથા પો.કો રમેશકુમાર માધવલાલ નાઓને મળેલ બાતમી હકીકત આધારે <u>પાલડી પો.સ્ટે. ફ્સ્ટ ગુ.ર.નં.૧૬/૨૦૧૫ આઇ.પી.સી.કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ તથા રખિયાલ પો.સ્ટે ફ્સ્ટ ગુ.ર.નં.૫૪/૨૦૧૫ ધી આઇ.પી.સી કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪</u> મુજબ ના ગુનાના કામના વોન્ટેડ આરોપી <u>ઈસ્માઈલ ઉર્ફે ઇચુ સ/ઓ રહીમભાઇ ઉર્ફે મુન્નાભાઇ શેખ ઉ૧.૩૨ રહે. બ્લોક નં.૬૧ મ.નં.૨૯૨૭ સદભાવના નગર વટવા ક્રોસિંગ પાસે વટવા અમદાવાદ શહેર તથા હાલ રહે. ગણેશ નગરના છાપરા પીપળજ રોડ વટવા અમદાવાદ શહેર</u> નાઓને દાણીલીમડા ચાર રસ્તા ખાતેથી પકડી લઇ કાયદેસરની કાર્યવાહી કરી બે ગુનાઓમાં નાસતો ફરતો આરોપી પકડી પાડેલ છે.

## સુરક્ષા સેતુ રથ:

ખાડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીખાડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતેમાર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.